એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

તારીખ અને વાર : મંગળવાર, ૧૮ ઓગષ્ટ ૨૦૨૦

સમય : સાંજે ૪-૦૦ કલાકે

સ્થળ : શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ મેમોરીયલ હોલ, આશ્રમરોડ અમદાવાદ


ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,

પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨

ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪

ઈ-મેઈલ : gcci@gujaratchamber.org

વેબસાઈટ : www.gujaratchamber.org

૮ ઓગષ્ટ, ૨૦૨૦

પ્રતિ,
કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા મંગળવાર, તા.૧૮-૮-૨૦૨૦ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ મેમોરીયલ હોલ, ગુજરાત ચેમ્બર, આશ્રમરોડ, અમદાવાદ-૯ ખાતે નીચેના કામકાજ માટે મળશે.

**: એજન્ડા :**

| | આઇટેમ | વિગત | પાના નં. |
|---|---|---|---|
| I | | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | |
| | ૧. | તા. ૧૦-૭-૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા. | ૧ થી ૧૨ |
| II | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૨. | સ્કુટિનીની સમિતિના અહેવાલની મંજુરી માટે. | |
| | ૩. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૪. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,
આપનો વિશ્વાસુ,

તન્મય મહેતા
*સેક્રેટરી જનરલ*

## કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૧૪/૨૦૧૯-૨૦
તારીખ : ૧૦-૭-૨૦૨૦
સ્થળ : એ. એચ. હોલ
પ્રમુખ : શ્રી દુર્ગેશ બુચ

➢ **આ મિટિંગ એ. એચ. હોલમાં રાખવામાં આવી હતી.**

**આ મિટિંગમાં એ.એચ. હોલમાં ૩૦ સભ્યો હાજર રહ્યા હતા.**

૧. શ્રી દુર્ગેશ બુચ
૨. શ્રી નટુભાઇ પટેલ
૩. શ્રી ભાર્ગવ ઠક્કર
૪. શ્રી સંજીવ છાજર
૫. શ્રી દિલીપ પાધયા
૬. શ્રી અશોક પી.પટેલ
૭. શ્રી નિલેશ દેસાઇ
૮. શ્રી ભાવેશ લાખાણી
૯. શ્રી કે. આઇ. પટેલ
૧૦. શ્રી હેમંત શાહ
૧૧. શ્રી યોગેશ પરીખ
૧૨. શ્રી રોહિત એન. પટેલ
૧૩. શ્રી કૌશિક ડી. પટેલ
૧૪. શ્રી ગૌરાંગ ભગત
૧૫. શ્રી મદનલાલ જયસવાલ
૧૬. શ્રી ભુપેન્દ્ર સી. પટેલ
૧૭. શ્રી અજય ડી. પટેલ
૧૮. શ્રી ચેતન ડી. શાહ
૧૯. શ્રી કૈલાસ ગઢવી
૨૦. શ્રી શૈશવ શાહ
૨૧. શ્રી સચિન પટેલ
૨૨. શ્રી પ્રદિપ જૈન
૨૩. શ્રી અંબર પટેલ
૨૪. શ્રી અંકિત પટેલ
૨૫. શ્રી મીહિર પટેલ
૨૬. શ્રી જીગીશ કે. શાહ
૨૭. શ્રી કિરીટ એન.પટેલ
૨૮. શ્રી આશીષ ઝવેરી
૨૯. શ્રી ભાવેશ પી. શાહ
૩૦. શ્રી ત્રિલોક પરીખ

➢ **આ મિટિંગમાં ૪૨ સભ્યો** video conferencing **થી હાજર રહ્યા હતા.**

૧. શ્રી પથિક પટવારી
૨. શ્રી આશીષ ગુરુ
૩. શ્રી વી.પી. વૈષ્ણવ
૪. શ્રી યોગેશ ડી. શ્રીધર
૫. શ્રી બિપેન્દ્રસિંહજી જાડેજા
૬. શ્રી કિરીટ કે. શાહ
૭. શ્રી નિલેશ શુક્લ
૮. શ્રી જૈમિન વસા
૯. શ્રી હિમાંશુ વ્યાસ
૧૦. શ્રી પ્રદિપ વોરા
૧૧. શ્રી દિનેશ ગુપ્તા
૧૨. શ્રી અનિલ સંઘવી
૧૩. શ્રી નવરોઝ તારાપોર
૧૪. શ્રી નયન શેઠ
૧૫. શ્રી સ્નેહલ લાવસી
૧૬. શ્રી સુરેશ ત્રિવેદી
૧૭. શ્રી સૌરીન પરીખ
૧૮. શ્રી કમલેશ પટેલ
૧૯. શ્રી અમિત પરીખ
૨૦. શ્રી હિતેન વસંત
૨૧. શ્રી અસિત શાહ
૨૨. શ્રી પ્રફુલ તલસાણીયા
૨૩. શ્રી નરેન્દ્ર સોમાણી
૨૪. શ્રી જીજ્ઞેશ કારીયા
૨૫. શ્રી જૈનિક વકીલ
૨૬. શ્રી બિપીન શાહ
૨૭. શ્રી પ્રવિણ કોટક
૨૮. શ્રીમતી મીનાબેન કાવીયા
૨૯. શ્રી મોહનીશ ભલ્લા
૩૦. શ્રી પ્રકાશ વરમોરા
૩૧. શ્રી સુનિલ વડોદરીયા
૩૨. શ્રી ઉદિત દીવેટીયા
૩૩. શ્રી સોમભાઇ રાયકા
૩૪. શ્રી અરવિંદ પટેલ
૩૫. શ્રી બકુલ પંડયા
૩૬. શ્રી અપૂર્વ શાહ
૩૭. શ્રી સૌમિલ પુરોહિત
૩૮. શ્રી ધીરેન્દ્ર દોશી
૩૯. શ્રી જીગીશ દોશી
૪૦. શ્રી લાખાભાઇ કેશવાલા
૪૧. શ્રી કિરીટ એન. પટેલ
૪૨. શ્રી દેવાંગ ડોક્ટર

- પ્રમુખશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા. આ કારોબારી સમિતિનો એજન્ડા શરુ કરતા પહેલા શ્રી ભાવેશભાઇ લાખાણીની રજૂઆત આવેલી હોવાનું જણાવી તેમનો મુદ્દો રજુ કરવા જણાવ્યું હતું.
- શ્રી ભાવેશભાઇ લાખાણીએ આજની કારોબારી સમિતિની મિટિંગ જે બોલાવવામાં આવી છે તેને ગેરકાયદેસર અને બંધારણ વિરુદ્ધ ની હોવાનું જણાવ્યું હતું. તેમણે બંધારણના પ્રકરણ-૬, કોલમ-૨ નો સંદર્ભ આપતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૯-૨૦ ના નિવૃત્ત થતાં સભ્યોનો કાર્યકાળ તા. ૧૬-૬-૨૦૧૮ ની AGM થી બે વર્ષ એટલે કે ૧૭-૬-૨૦૨૦ ના રોજ પુરી થાય છે. માટે તેઓ આ મિટિંગમાં હાજર રહી શકે નહીં. વધુમાં શ્રી ભાવેશભાઇએ જણાવ્યું હતું કે બંધારણ મુજબ પ્રમુખ, સિનિ. ઉપ-પ્રમુખ, ઉપ-પ્રમુખ અને કારોબારી સમિતિના સભ્યોનો કાર્યકાળ બે વર્ષે પુરો થાય છે અને ત્યારબાદ પ્રમુખ, સિનિ. ઉપ-પ્રમુખ અને પ્રમુખ તેમના હોદ્દાઓ બે મહિના સુધી જાળવી રાખશે. આ અંગે તેમણે હાઇકોર્ટના સિનિ. એડવોકેટ શ્રી ધવલ દવેનો અંગ્રેજીમાં અભિપ્રાય અને તેની સાથે ગુજરાતી ભાષાંતર અને બંધારણની લાગુ પડતી જોગવાઇની કોપી પ્રમુખશ્રીને રજુ કરી હતી.
- શ્રી હિમાંશુ વ્યાસે જણાવ્યુ હતું કે હાલના COVID-19 ના વિશિષ્ટ સંજોગોને ધ્યાનમાં લઇને કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તેમજ અન્ય સંસ્થાઓ તેમના બંધારણ અથવા નિયમોની બહાર જઇને પ્રેક્ટીકલ નિર્ણયો લઇ રહ્યા છે અને તે જ રીતે પ્રમુખશ્રીએ પ્રેક્ટીકલ નિર્ણય લઇ આજની આ મિટિંગ બોલાવેલ છે. વધુમાં તેમણે ટકોર કરી હતી કે ભાવેશભાઇએ બંધારણ વિરુદ્ધની અમુક પ્રવૃત્તિઓ કરી છે, જેમ કે કોઇ પણ સભ્ય વર્તમાનપત્રોમાં નિવેદન ના આપી શકે અથવા કોર્ટમાં જઇ શકે નહીં તેમ છતાં વારંવાર તેમના નામે વર્તમાનપત્રોમાં વિગતો આવે છે જે ચેમ્બરના ફેવરમાં નથી.
- આ તબક્કે પ્રમુખશ્રીએ આગ્રહ રાખ્યો હતો કે આ મિટિંગની ચર્ચાને વ્યક્તિગત લેવલે લઇ જવામાં ના આવે અને કોઇ પણ વ્યક્તિનું નામ લીધા વગર તેમને તેમના વિચારો રજુ કરવાના અધિકારોને માન આપી સમરસતાથી ચર્ચા કરવી જોઇએ.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ભાવેશભાઇને મારું સૂચન છે કે તેમણે કાયદાકીય વિસંગતતા ઉપર ધ્યાન દોર્યું છે જેની આપણે નોંધ લઇએ અને સાથે તેમણે લીગલ ઓપીનીયન પણ આપેલ છે તો ચેમ્બર દ્વારા પણ કોઇ લીગલ અભિપ્રાય લેવામાં આવે અને જો તે ભાવેશભાઇના લીગલ ઓપીનીયન સાથે મળતો આવે તો આજની આ મિટિંગની કાર્યવાહી રદ જાહેર કરવામાં આવે. પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે તેમના મત પ્રમાણે વર્ષ એટલે કે એક AGM થી બીજી AGM નો સમયગાળો ગણાય.
- શ્રી અંકિતભાઇ પટેલે પણ પ્રમુખશ્રીના આ મતને સમર્થન આપ્યું હતું.
- આ તબક્કે સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇએ બંધારણ ના નિયમોના પૃષ્ઠ નં.૨૫ ઉપરનું વાક્ય ટાંકી જણાવ્યું હતું કે "A Year means a period between two successive AGMs".
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આપણે કાયદાકીય જાણકાર નથી તેથી ભાવેશભાઇના લીગલ ઓપીનીયન સામે ચેમ્બર તરફથી લીગલ ઓપીનીયન લેવામાં આવશે.

- આ તબક્કે શ્રી દિનેશ ગુપ્તા, શ્રી હિમાંશુ વ્યાસ અને શ્રી પથિક પટવારીએ આ મુદ્દાને વિરામ આપી એજન્ડા પ્રમાણે કાર્યવાહી આગળ વધારવા જણાવ્યું હતું.
- શ્રી ત્રિલોકભાઇ પરીખે મિટિંગની કાર્યવાહી ચાલુ રાખવા અને લીગલ નિષ્ણાતોના અભિપ્રાય લઇ અને પ્રમુખશ્રીએ જણાવ્યા મુજબ આગળની કાર્યવાહી કરવી જોઇએ તેવું સૂચન કર્યું હતું.
- પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે જો બે કાનુની અભિપ્રાય જુદા આવે તો તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે કયા અભિપ્રાયને માન્ય ગણવો. આવા ક્રાઇસીસના સમયમાં ચેમ્બર દ્વારા એમ્પાવર્ડ એપેક્ષ કમિટિનું માર્ગદર્શન લેવામાં આવે છે તેવા સંજોગોમાં મારું માનવું છે કે જો કાયદાકીય અભિપ્રાય અલગ આવે તો એમ્પાવર્ડ એપેક્ષ કમિટિનું માર્ગદર્શન લઇ નિર્ણય કરવામાં આવે.
- શ્રી નિલેશ શુક્લએ જણાવ્યું હતું કે આજની મેનેજીંગ કમિટિની મિટિંગ બોલાવવામાં આવી છે અને ત્યારબાદ તેની કાયદેસરતા અંગે જે પ્રશ્નો ઉભા થયા છે તેને ધ્યાને લઇને આજની મિટિંગની કાર્યવાહી ચાલુ રાખવી કે નહીં તે અંગે ઉપસ્થિત તમામ સભ્યોનો મત લેવો જોઇએ. કારોબારી સમિતિના તમામ સભ્યોને લોકશાહીમાં આ બાબતે મત આપવાનો અધિકાર છે.
- શ્રી કૈલાસ ગઢવીએ જણાવ્યું હતું કે આ મિટિંગમાં ભલે એજન્ડા પ્રમાણે ચર્ચા થાય પરંતુ આ મિટિંગમાં લેવામાં આવેલ કોઇ પણ નિર્ણયનો અમલ ત્યાં સુધી કરવામાં ના આવે જ્યાં સુધી લીગલ અભિપ્રાય અંગે સ્પષ્ટતા ન થાય.
- આ તબક્કે ભાવેશભાઇ લાખાણીએ જણાવ્યું હતું કે તેમને મિટિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં વાંધો નથી પરંતુ ચેમ્બરના બંધારણને જોતાં આ કલોઝ અંગેના ત્રણ અભિપ્રાય પ્રવર્તમાન છે જે અંગે સ્પષ્ટતા કરવી જરૂરી છે.
- શ્રી નિલેશ શુક્લ, શ્રી મદનલાલ જયસવાલ અને અન્ય સભ્યોના આ મિટિંગ થઇ શકે કે કેમ તે અંગેના મત લેવા સૂચનના પ્રત્યુત્તરમાં શ્રી ભાવેશભાઇ લાખાણીએ જણાવ્યુ કે તેમને આ મિટિંગ યોજવા અંગે કોઇ વાંધો નથી.
- શ્રી યોગેશભાઇ પરીખ તેમજ શ્રી હિમાંશુભાઇએ જણાવ્યું હતું કે COVID-19 ના હિસાબે ચૂંટણી ડીલે થયેલ હોવાથી આ મિટિંગ થઇ રહી છે.
- પ્રમુખશ્રીએ મિટિંગનું કામકાજ એજન્ડા પ્રમાણે ચાલુ રાખવાનો નિર્ણય લીધો હતો અને મિટિંગની કામગીરી એજન્ડા પ્રમાણે શરુ કરી હતી.

**એજન્ડા :**

**<u>આઇટેમ નં. ૧</u>**

- પ્રમુખશ્રીએ તા. ૧૯-૬-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપેલ છે તેને મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૧૯-૬-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

## ઠરાવ નં.૧

આથી તા. ૧૯-૬-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

- વધુમાં પ્રમુખશ્રીએ એજન્ડાની આઇટમ નં.૨ પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલ અને આઇટમ નં.૩ કમિટિ અને સલાહકારી કમિટિના અહેવાલ મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- ઉપસ્થિત સર્વ સભ્યોએ સર્વાનુમતે આની મંજુરી આપી હતી.

## આઇટેમ નં. ૪

- માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે GCCI ની સ્ક્રુટિની સમિતિના સભ્યો દ્વારા નવા સભ્યો અંગે સ્ક્રુટિની કરી હતી. સ્ક્રુટિની સમિતિ દ્વારા નવા સભ્યો અંગે કુલ-૧૦ અરજીઓ આવી હતી જે તમામ ૧૦ અરજીઓ મંજુર કરી કારોબારી સમિતિની મંજુરી માટે મુકવા ભલામણ કરી હતી. સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના ફોર્મ અંગે કુલ-૯ અરજીઓ મળી હતી જે તમામ ૯ અરજીઓને મંજુર કરવામાં આવી હતી.

## ઠરાવ નં. ૨

આથી ઠરાવવામાં આવે છે કે સ્ક્રુટિની સમિતિના સભ્યો દ્વારા ચકાસણી કરી કારોબારી સમિતિને ભલામણ કરી તેની કુલ-૧૦ અરજીઓને એનેક્ષર-બી મુજબ મંજુર કરવામાં આવે છે. જ્યારે ચેમ્બરના સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના નામમાં કોઇ પણ કેટેગરીના ફેરફારની ૯ અરજી મળી હતી તે પૈકી એનેક્ષર-સી મુજબ મંજુર કરવામાં આવે છે.

## આઇટેમ નં. ૫

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરના બંધારણ મુજબ ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ અલગ-અલગ ઉમેદવારો અને સભ્યો દ્વારા રજૂઆતો ચેમ્બરમાં કરવામાં આવી હતી જે અંગે ચર્ચા કરી અને નિર્ણય લેવા કાર્યવાહી કરવી જોઇએ.
- શ્રી જયેન્દ્ર તન્નાએ ચૂંટણી અધિકારીને દરેક ઉમેદવારોને ગુજરાત ચેમ્બરની મતદાર યાદી સોફ્ટ કોપીમાં આપવા અંગે રજૂઆત કરી છે. આ અંગે પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે તેમનું અને વર્તમાન હોદ્દેદારોની ટીમનું મંતવ્ય આવી સોફ્ટ કોપી આપવી જોઇએ તેવું છે. કારણ કે ઉમેદવારોને જે હાર્ડ કોપી આપવામાં આવે છે તેનાથી ડેટા એન્ટ્રી કરાવી થોડા સમયની અંદર જ તેની સોફ્ટ કોપી બનાવી શકાય તેથી વર્તમાન ઇન્ફર્મેશન ટેકનોલોજીના યુગમાં જ્યારે આપણે સૌ ડીજીટલાઇઝેશનની વાત કરતા હોઇએ ત્યારે સોફ્ટ કોપી આપવી જોઇએ તેવું મારું મંતવ્ય છે. આ માટે કારોબારી સમિતિ જે નિર્ણય કરે તેને મંજુર રાખીએ.
- શ્રી વી.પી. વૈષ્ણવે મતદાર યાદી સોફ્ટ કોપીમાં આપવી જોઇએ તેવું સૂચન કર્યું હતું.
- શ્રી જૈનિક વકીલે કોપીનો દુરુપયોગ થવાની શક્યતા વ્યક્ત કરી હતી.
- શ્રી કૈલાસ ગઢવીએ જણાવ્યું હતું કે એડવર્ટાઇઝીંગનો દુરુપયોગ હાર્ડ કોપીથી પણ થઇ શકે.
- આના પ્રત્યુત્તરમાં શ્રી જૈનિક વકીલે જણાવ્યું હતું કે સોફ્ટ કોપીથી ઇ-મેઇલ જલ્દીથી થઇ શકે.

- શ્રી આસીતભાઇ તથા પથિક પટવારીએ પણ સોફ્ટ કોપી ન આપવી જોઇએ તેવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.
- શ્રી ભાવેશભાઇ લાખાણીએ જણાવ્યું હતું કે હાર્ડ કોપીમાંથી માત્ર ૪ કલાકની અંદર સોફ્ટ કોપી થઇ શકે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે તેમને ઉપસ્થિત સભ્યોમાંથી સૂચન મળેલ છે કે ચેમ્બરના સભ્યોને વધુ તકલીફ ન પડે તે માટે આવી સોફ્ટ કોપીમાં મતદાર યાદી, ફોન નંબરો સિવાયની આપીએ, કારણ કે ઉમેદવારોને પણ તેમનો પ્રચાર કરવાનો હક્ક છે. વધુમાં તેમણે જણાવ્યુ કે ફોન નંબર હાર્ડ કોપીમાં અપાય જ છે જેનો ઉપયોગ ઉમેદવારો કરી શકે છે.
- ઉપસ્થિત સભ્યોએ સર્વાનુમતે આને સંમતિ આપી નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

<u>ઠરાવ નં. ૩</u>

આ સાથે ઠરાવવામાં આવે છે કે ચૂંટણી ૨૦૨૦-૨૧ ની મતદાર યાદી ટેલીફોન નંબર અને મોબાઇલ નંબર સિવાય નક્કી કરવામાં આવે તે કિંમતે સોફ્ટ કોપીમાં આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે શ્રી અશોકભાઇ પટેલ તરફથી આજની કારોબારી સમિતિની મિટિંગનુ વિડીયો રેકોર્ડીંગ કરાવવા અંગે રજૂઆત મળેલ હતી અને સદ્‌નસીબે આ મિટિંગ Zoom થકી થતી હોવાથી આપો આપ તેનું વિડીયો રેકોર્ડીંગ થઇ રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોઇ પણ ઉમેદવાર કે સભ્ય લેખિતમાં કે મૌખિક આ પ્રકારની રજૂઆત કરે તો તેમને મળેલ સલાહ પ્રમાણે આ વિડીયો રેકોર્ડીંગ આપી શકાય નહીં. પરંતુ આ બાબતે તેઓની રજૂઆત હોય તો તે એમ્પાવર્ડ એપેક્ષ કમિટિ સમક્ષ રજૂઆત કરી શકે છે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે શ્રી અશોકભાઇ પટેલ, ભાવેશભાઇ લાખાણી અને અન્ય ઉમેદવારોની રજૂઆત હતી કે કોરોના મહામારીને ધ્યાને લઇને ઇલેક્શન રદ કરવા અથવા તો બને તેટલું મોડું કરવા રજૂઆત કરવામાં આવી છે.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે જાહેર કરવામાં આવેલ ચૂંટણી રદ કરવાની સત્તા ચેમ્બરના બંધારણમાં કારોબારી સમિતિને નથી. એટલે આ બાબતે કોઇ ચર્ચા રહેતી નથી અને વર્તમાન સમયને ધ્યાનમાં લઇને હવે પછીની ચૂંટણીની તારીખ નક્કી કરવાની થાય છે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે હાલના કોરોના મહામારીનો સ્ટોક લઇએ તો ગઇ કાલના આંકડા પ્રમાણે ગુજરાતના કરોના મહામારીના આંકડા ૮૬૧ આવ્યા છે અને તે વધતા જ જાય છે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચૂંટણીની તારીખ અગાઉ જે ૧૧-૭-૨૦૨૦ નક્કી કરવામાં આવી હતી ત્યારથી આપણે બંધારણની પ્રક્રિયા અનુસરીએ છીએ. આપણાં બંધારણમાં એવી જોગવાઇ છે કે ચૂંટણી પહેલાં જો ચૂંટણી અધિકારીને એવું લાગે કે કોઇ પણ કારણોસર નિર્ધારીત સ્થળે અને સમયે ચૂંટણી થવી શક્ય નથી તો તે ભલામણ કરી ચૂંટણીને મુલત્વી રાખવા જણાવી શકે છે. તે પ્રમાણે તા.૩૦મી જુન, ૨૦૨૦ ના રોજ ચૂંટણી અધિકારી પાસેથી આ ચૂંટણી મુલત્વી રાખવા અંગેનો ભલામણ પત્ર મળ્યો હતો તે ધ્યાનમાં લઇ તા.૧ જુલાઇ, ૨૦૨૦ ના રોજ દરેક સભ્યોને તા.૧૧-૭-૨૦૨૦ ના રોજ ચૂંટણી અને વાર્ષિક સામાન્ય સભા મુલત્વી રાખવામાં આવી છે તેવી જાણ કરવામાં આવી હતી. હવે બંધારણના નિયમ ૫૨(i) મુજબ ચૂંટણીની તારીખ જાહેર કર્યા

પછીના ૬૦ દિવસમાં કારોબારી સમિતિ દ્વારા નવી ચૂંટણીની તારીખ નક્કી કરવાની થાય છે. આ બાબતને ધ્યાને રાખીને આજની કારોબારી સમિતિની મિટિંગ કરવામાં આવી છે. આમ હવે પછીની ચૂંટણીની તારીખ ૬૦ દિવસની અંદર નક્કી કરવી પડે. ઇલેક્શન કેન્સલ કરવું કે સીલેક્શન કરવું તે કારોબારી સમિતિના કાર્યક્ષેત્રમાં આવતું નથી.

- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે હવે પછી જે ચૂંટણીની તારીખ નક્કી કરવામાં આવશે તે પ્રમાણે ચૂંટણી કરવામાં આવશે તે સમયે પણ COVID-19 ના સંજોગો કે અસાધારણ સંજોગોને ધ્યાને લઇને ચૂંટણી અધિકારી દ્વારા આ ચૂંટણી ન કરવા ભલામણ કરવામાં આવે તો ચેમ્બરના બંધારણ મુજબ ચેમ્બરની એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને સિલેક્શનથી આવી નિમણૂક કરવાનો અથવા વહીવટ કરવાની સત્તા છે. આ સંજોગોમાં ચેમ્બરના કોઇ પણ હોદ્દેદારોનો કે કારોબારી સમિતિના સભ્યોનો રોલ રહેતો નથી.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે જો ૬૦ દિવસની સમય મર્યાદા ચૂંટણીની તારીખ ૧૧-૭-૨૦૨૦ થી ગણીએ તો મોડામાં મોડી ચૂંટણી ૯ મી સપ્ટેમ્બર, ૨૦૨૦ પહેલાં કરવાની થાય. સામાન્ય રીતે આપણે ચૂંટણી શનીવાર કે રવિવાર રાખીએ છીએ. સામાન્ય રીતે સૌને અનુકૂળ પડે તેમજ તેનું કાઉન્ટીંગ AGM ની મિટિંગમાં જાહેર કરવાનું હોય છે અને હવે અનલોક-૨ પછી જાહેર કરવામાં આવનાર અનલોક-૩ ૧લી ઓગષ્ટે જાહેર થશે. ઓગષ્ટ મહિનામાં આવનારા તહેવારો અને રજાઓને ધ્યાનમાં લઇએ તો મારું સૂચન છે કે હવે પછીની ચૂંટણીની તારીખ શનિવાર, તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ થાય તેમ નક્કી કરીએ.
- સભામાં ઉપસ્થિત સૌ સભ્યોએ સર્વાનુમતે મંજુરી આપી હતી.

**<u>ઠરાવ નં. ૪</u>**

આ સાથે ઠરાવવામાં આવે છે કે હવે પછીની ચૂંટણીની તારીખ ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ નક્કી કરવામાં આવે છે.

- શ્રી હિમાંશુ વ્યાસે ચૂંટણી કરવી જ જોઇએ અને વર્તમાન ટેકનોલોજીના યુગમાં તથા કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લઇને ઇ-વોટિંગ કરવું જોઇએ તેમ સૂચન કર્યું હતું.
- શ્રી અરવિંદભાઇ પટેલે ચૂંટણી યોજવા અને ઇ-વોટિંગ કરવા સૂચન કર્યું હતું.
- શ્રી પ્રકાશ વરમોરાએ ઇ-વોટિંગ કરવા સૂચન કર્યું હતું.
- સમિતિમાં ઉપસ્થિત મોટાભાગના સભ્યોએ ઇ-વોટિંગ કરવા સૂચન કર્યું હતું.
- શ્રી અશોકભાઇ પટેલે ચૂંટણી લડવાની તૈયારી છે તેમ જણાવી ઉમેર્યું હતું કે વર્તમાન સમયમાં કોરોનાનું સંક્રમણ વધતુ જાય છે તે ધ્યાને લઇને ચૂંટણી ન યોજવા અંગે લીગલ નોટીસ આપી છે. વધુમાં તેમણે હવે પછીની જે ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી છે તે સમયે જો કોરોનાનું સંક્રમણ ન હોય તો ચૂંટણી કરવા સામે તેમનો વાંધો નથી તેમ જણાવ્યું હતું.
- શ્રી ભાવેશભાઇ લાખાણીએ જણાવ્યું હતું કે હાલના સંજોગો જોતાં બે મહિના પછી પણ કોરોનાનું સંક્રમણ વધવાની શક્યતાઓ છે ત્યારે બહારગામના દૂર દૂરના લોકો આવીને મતદાન કરી શકે નહીં.
- આ તબક્કે ઘણાં સભ્યોએ ઇ-વોટિંગની હિમાયત કરી હતી.

- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે બંધારણના નિયમ ૫૨(i) પ્રમાણે જ્યારે ચૂંટણી અધિકારી નિયત કરેલી તારીખે ચૂંટણી ના થઇ શકે તેમ હોય તેવી ભલામણ કરે તો ચૂંટણી મુલત્વી રાખીને નવી તારીખ નક્કી કરવા માટે જણાવે છે અને તે પ્રમાણે તા. ૩૦ જુન ના રોજ ચૂંટણી અધિકારીના અહેવાલ પછી આપણે આ મિટિંગ બોલાવી ૫ સપ્ટેમ્બર હવે પછીની ચૂંટણીની તારીખ નક્કી કરેલ છે. હવે જો ૫ મી સપ્ટેમ્બરે પણ સંક્રમણના કારણે ચૂંટણી ના થઇ શકે અને ચૂંટણી અધિકારી ભલામણ કરે કે આ સંજોગોમાં ચૂંટણી શક્ય નથી તો આપણી પાસે બીજો કોઇ વિકલ્પ રહેતો નથી અને બંધારણના નિયમ ૫૨ (ii) પ્રમાણે તે પછી કોઇ નવી તારીખ નક્કી કરવાની રહેતી નથી અને એમ્પાવર્ડ એપેક્ષ કમિટિ ને ચેમ્બરનું સંચાલન કરવાનું રહે છે.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે હાલના સંજોગોમાં અંકિત ભાઇએ જણાવ્યા પ્રમાણે ઇ-વોટિંગ થવું જોઇએ પરંતુ ચેમ્બરના બંધારણમાં ઇ-વોટિંગ કે ઇ-એજીએમ બોલાવવાની કોઇ જોગવાઇ નથી અને બંધારણમાં જો કોઇ ફેરફાર કરવો હોય તો તેની ચોક્કસ પ્રક્રિયા અનુસરવી પડે. પરંતુ હાલના અપવાદરૂપ સંજોગોને ધ્યાને રાખી વધુમાં વધુ આપણે કારોબારી સમિતિની લાગણી વ્યક્ત કરી શકીએ અને એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને અથવા ચૂંટણી અધિકારીને વિકલ્પ-૧,૨ અને ૩ પ્રમાણે કરી શકાય તેવી લાગણી વ્યક્ત કરી શકાય. તે પછી પણ ચેમ્બર સાથે સંકળાયેલી કોઇ પણ વ્યક્તિએ બંધારણ ફોલો કરવું પડે. એટલે એ વિષયની ચર્ચા કરવાની રહેતી નથી.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે જુદા જુદા વિકલ્પ ઉપર વિચારણા કરીને કારોબારી સમિતિ પોતાના વિચાર કે લાગણી વ્યક્ત કરી શકે, જેમ કે આપણે જુદા જુદા પ્રશ્નો ઉપર આપણા વિચાર રજુ કરતા હોઇએ છીએ તે પ્રમાણે આ બાબતે પણ કારોબારી પોતાની લાગણી વ્યક્ત કરી શકે છે.
- શ્રી પ્રકાશ વરમોરાએ જણાવ્યું હતું કે ચેમ્બરના બંધારણમાં કારોબારી સમિતિની મિટિંગ ઇ-મિટિંગ કે વિડીયો કોન્ફરન્સ મિટિંગ વિડીયો કોન્ફરન્સ થી કરવાની જોગવાઇ નથી આમ છતાં વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઇને કરવામાં આવે છે તેમ જણાવ્યું હતું.
- શ્રી ચેતન શાહે વર્તમાન સમયને ધ્યાનમાં લઇને અનેક સંસ્થાઓમાં અને ઉદ્યોગોમાં પણ વિડીયો કોન્ફરન્સથી મિટિંગને માન્ય ગણવામાં આવી છે.
- શ્રી અરવિંદ પટેલે ભારત સરકાર અને રાજ્ય સરકારના બંધારણના નિયમો હોવા છતાં પણ વર્તમાન સમયને ધ્યાનમાં લઇને ચૂંટણી અને મિટિંગો ઇ-વોટિંગ તથા વિડીયો કોન્ફરન્સ થી કરવાની માન્યતા રાખવામાં આવી છે.
- ડો. જૈમિન વસાએ જણાવ્યું હતું કે ચેમ્બરમાં અગાઉ પણ ક્રાઇસીસ વખતે આપણે પ્રેક્ટીકલ નિર્ણયો કર્યા છે અને સમજદાર બિઝનેસમેન તરીકે પ્રવર્તમાન સંજોગોમાં પણ પ્રેક્ટીકલી ડીસીઝન લેવાની આપણી જવાબદારી બને છે. વધુમાં તેમણે ઉમેર્યું કે ઇલેક્શન એ વોટિંગ થી થનારી એક પ્રક્રિયા છે અને હાલના સંજોગો જેવા અગાઉ આવા સંજોગો બન્યા ના હોવાથી બંધારણમાં આવી જોગવાઇ ના હોય તેથી એ પ્રક્રિયાને પકડી રાખવી ના જોઇએ અને હાલના સંજોગોમાં લોકોની સેફટીનું ધ્યાન રાખી ઇ-વોટિંગથી લોકશાહી ઢબથી અને બંધારણ પ્રમાણે ચૂંટણી યોજવી જોઇએ. તેમણે વધુમાં ઉમેર્યું કે ગુજરાત કેમીકલ એસોસીયેશન ૧૯૪૭ માં સ્થાપીત થયું છે અને ત્યાં પણ ચૂંટણીની પ્રક્રિયા તેમજ AGM ઇલેક્ટ્રોનિક પ્રક્રિયાથી થયેલ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આવી ઘણી અધિકૃત એજન્સીઓ છે કે જેઓ આ ઇલેક્ટ્રોનિક પ્રોસેસમાં

કોઇ પણ જાતની ગેરરીતિઓ ના થાય અને યોગ્ય વ્યક્તિ દ્વારા યોગ્ય વોટિંગ થાય તે અંગેની સ્પષ્ટતાઓ રાખવાની પૂરેપૂરી વ્યવસ્થાઓ કરે છે. આથી તેમનું દ્રઢપણે માનવું છે કે ઇ-વોટિંગ થી આ પ્રક્રિયા થવી જોઇએ. વધુમાં તેમણે આ માટેની મંજુરી લાવી આપવા તેમજ તે અંગે મેનેજીંગ કમિટિ રચવા અને જરૂર પડે તો એમ્પાવર્ડ એપેક્ષ કમિટિની મંજુરી લેવાની જવાબદારી લીધી હતી.

- શ્રી પ્રફુલ્લ તલસાણીયાએ ચૂંટણી કરવા અને ઇ-વોટિંગને સમર્થન આપ્યું હતું.
- શ્રી અંકિત પટેલે COVID-19 ના સંક્રમણને ધ્યાને લઇને તથા શ્રી અશોકભાઇ પટેલ અને શ્રી ભાવેશભાઇ લાખાણીની ચિંતાને વ્યાજબી ગણાવતાં ઇ-વોટિંગ કરવા સૂચન કર્યું હતું.
- શ્રી હિતેન વસંતે COVID-19 ના સમયમાં ઇ-વોટિંગને સમર્થન આપ્યું હતું.
- શ્રી મીહિર પટેલ અને શ્રી મદનલાલ જયસવાલે પણ ઇ-વોટિંગને સમર્થન આપ્યું હતું.
- શ્રી હેમંતભાઇ શાહે ચૂંટણી જલ્દી કરવા અને ઇ-વોટિંગ કરવા સમર્થન આપ્યું હતું.
- શ્રી નટુભાઇ પટેલે જણાવ્યું હતું કે ઇ-વોટિંગ એ ચૂંટણી માટેની એક સુવિધા છે જેને સમય સાથે ફેરફાર કરીને કાર્યવાહી કરવી જોઇએ.
- શ્રી બિપેન્દ્રસિંહે કોરોનાનું સંક્રમણ જે રીતે વધી રહ્યું છે તે ધ્યાને લઇને શક્ય હોય તેટલી વહેલી ચૂંટણી યોજવા અને ઇ-વોટિંગ કરવા સૂચન કર્યું હતું.
- શ્રી જીજ્ઞેશ કારીયાએ ઇ-વોટિંગ કરવા સૂચન કર્યું હતું
- શ્રી સૌરીન પરીખે COVID-19 મહામારીમાં જ્યારે ઉદ્યોગો સંઘર્ષ કરી રહ્યા છે તેવા સંજોગોમાં ઉદ્યોગોની સાથે રહી ઝડપથી ચૂંટણી યોજવા અને ઇ-વોટિંગથી ચૂંટણી કરવા સૂચન કર્યું હતું. વધુમાં ચૂંટણી એ પ્રક્રિયા છે, પ્રકાર કોઇ પણ હોઇ શકે તેમ જણાવ્યું હતું.
- શ્રી કિરીટભાઇ શાહે ચૂંટણી યોજવા અને ઇ-વોટિંગ કરવા સૂચન કર્યું હતું. તેમણે ઇ-વોટિંગની સાથે રૂબરૂ વોટિંગનું પણ સૂચન કર્યું હતું.
- શ્રી પથિક પટવારીએ લોકશાહીમાં દરેક સભ્યોને મત આપવાનો અધિકાર છે અને કોરોના સંક્રમણમાં આ અધિકાર તેમને મળે તે માટે ઇ-વોટિંગ કરવું જોઇએ.
- શ્રી અશોક પટેલ અને શ્રી ભાવેશ લાખાણીએ બંધારણ મુજબ ચૂંટણી કરવાનો આગ્રહ રાખ્યો હતો અને ઇ-વોટિંગની સાથે રૂબરૂ મતદાન પણ રાખવા સૂચન કર્યું હતું.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે તમામ સભ્યોની લાગણી ધ્યાને રાખીને આ ઓપ્શન ઉપર વિચારણા કરી શકાય. વિચારણા સમયે બહારગામના સભ્યો અને ૬૦ વર્ષથી ઉપરના સભ્યો ઇ-વોટિંગ કરી શકે અને સાથે સાથે જેમને ઇ-વોટિંગ ના કરવું હોય તે ફીઝીકલ વોટિંગ પણ કરી શકે તેવું કંઇક વિચારી શકાય. બંધારણમાં જોગવાઇ ના હોવાથી આપણે કારોબારી સમિતિ તરફથી એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને એવી લાગણી વ્યક્ત કરીએ કે હાલના સંજોગોમાં ૫ મી સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ જો ટેકનીકલ અને ફીઝીકલ દ્રષ્ટિએ શક્ય હોય અને બંધારણની દ્રષ્ટિએ અનુકૂળ હોય તો જેમને ઇ-વોટિંગ કરવું હોય તો ઇ-વોટિંગ કરે અને ફીઝીકલી વોટિંગ કરવું હોય તે ફીઝીકલી વોટિંગ કરે અને જો ફીઝીકલ વોટિંગ થાય તો સરકાર દ્વારા અને કલેક્ટરશ્રી દ્વારા પરવાનગી મેળવીને તે જે સૂચવે તે પ્રમાણેની પ્રક્રિયા કરીએ અને તેની જવાબદારી ચૂંટણી અધિકારી અને સેક્રેટરીયેટની રહેશે.

- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે સેક્રેટરીયેટને મારી વિનંતી છે કે આજની મિટિંગમાં થયેલી તમામ ચર્ચા અને નિર્ણય ની ડ્રાફ્ટ મીનીટસ બનાવી શક્ય હોય તેટલી જલ્દી તૈયાર કરી તમામ વિગતો તેમાં ઉમેરી અને સૌ સભ્યોને મોકલી આપીએ.
- ચૂંટણી અધિકારી દ્વારા ઇ-વોટિંગના મુદ્દે સુજાવ આવેલ છે તે પછી ત્રણ કંપનીઓ NSDL, CDSL અને Right 2 Vote feasible દેખાય છે. હવે જ્યારે આ કંપનીઓ સામાન્ય રીતે ઇ-વોટિંગની પ્રક્રિયા કરતા હોય છે ત્યારે બીજી સંસ્થાઓમાં વન ટુ વન વોટિંગની વ્યવસ્થા કરવાની હોય છે પરંતુ આપણાં બંધારણમાં જુદી જોગવાઇઓ છે, જેવી કે જુદી જુદી કેટેગરી, એક કરતાં વધુ બેઠકો અને એક કરતાં વધુ વોટ આપવાની જોગવાઇ વિગેરેને કારણે આ કંપનીઓના સોફ્ટવેરમાં યોગ્ય ફેરફાર એટલે કે કસ્ટમાઇઝ કરવું પડે અને આપણાં નિયમો પ્રમાણે ખાસ પ્રકારનું સોફ્ટવેર બનાવવું પડે. આવું સોફ્ટવેર તૈયાર કરવા માટે આ કંપનીએ આપણને બીજો એક મહિનાનો સમય માંગ્યો હતો અને કસ્ટમાઇઝ કર્યા બાદ આ સોફ્ટવેરની ટેસ્ટીંગ કરવા માટે પણ સમય જોઇએ.
- ઇ-વોટિંગની ગુપ્તતાના સંદર્ભમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ પ્રક્રિયામાં પુરેપુરી ગુપ્તતા જળવાય તેવી સગવડ છે. આવું સોફ્ટવેર તૈયાર કરવાનો ખર્ચ કંપનીએ અંદાજીત રૂા.૩ લાખ તથા ૨૫ રૂપિયા પ્રમાણે દરેક મતદારનો ખર્ચ રૂા.૧ લાખ અને અન્ય વધારાનો ખર્ચ રૂા.૫૦ હજાર. આમ કુલ ૪.૫૦ લાખનો ખર્ચ થાય છે. આ બાબત પણ એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને રજુ કરવામાં આવશે.
- પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે જો એમ્પાવર્ડ એપેક્ષ કમિટિ ઇ-વોટિંગની મંજુરી આપે અથવા તો આપણે તેના માટે સહમત થઇએ તો કંપનીએ તા. ૨૫-૭-૨૦૨૦ ની આજુબાજુ zoom ઉપર ડેમોન્સ્ટ્રેશન કારોબારી સમિતિના સભ્યો અને/અથવા ઉમેદવારોને બતાવવામાં આવે અને કોઇ ઉમેદવારને કે સભ્યને વાંધો હોય તો રજુ કરી શકે અને તે પ્રમાણે ફાઇનલ સોફ્ટવેર તૈયાર કરી શકે. સોફ્ટવેર મતદાનની ૧૦૦ ટકા ગુપ્તતા જળવાતી હોય તેવું સોફ્ટવેર કરી શકાશે. સિનિયર ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇ પટેલના જણાવ્યા પ્રમાણે ચેમ્બર આ પ્રકારનું સોફ્ટવેર કાયમી વાપરી શકે તેવી ગોઠવણ પણ કરી શકાશે એટલે કે એક જ વખત સોફ્ટવેરનો ખર્ચ થશે.
- પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુપ્તતા, એક્યુરસી અને નિષ્પક્ષ ચૂંટણી થાય અને તેમાં જે પણ સૂચનો હોય તે ગુજરાતી ભાષામાં હોય તેવી વાત કંપનીને કરવામાં આવશે.
- આ અંગે ઘણા બધા સભ્યોએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા.
- શ્રી નિલેશ શુક્લએ જણાવ્યું હતું કે કોઇ પણ સભ્યએ ચેમ્બરની આ મિટિંગને બાનમા લેવાનો પ્રયત્ન ના કરવો જોઇએ અને દરેક સભ્યને પોતાની વાત રજુ કરવાની તક મળવી જોઇએ.
- શ્રી ચેતન શાહે જણાવ્યું હતું કે કોરોનાની આ પરિસ્થિતિ અભૂતપૂર્વ છે અને સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ ચૂંટણીની પ્રક્રિયા એક વાર શરુ થઇ જાય તેને રોકી શકાય નહીં અને કોર્ટ પણ તેને સ્ટે આપી શકે નહીં.
- શ્રી હિતેન વસંતે રજૂઆત કરી હતી કે હાલના સંજોગોમાં કોર્ટની પ્રક્રિયાઓ પણ ઓનલાઇન થાય છે અને ચેમ્બરની આ ચૂંટણીની પ્રક્રિયા પણ ઇ-પ્લેટફોર્મ ઉપર ઇ-વોટિંગ દ્વારા થવી જોઇએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે માનનીય સભ્યશ્રી અશોકભાઇની માંગણી છે કે કોઇ પણ વ્યક્તિને કોરોનાનું સંક્રમણ ના થાય તે વાતને ધ્યાનમાં લેતા ઇ-વોટિંગની વ્યવસ્થા ઉત્તમ છે.

- શ્રી નિલેશભાઇ શુકલએ જણાવ્યું હતું કે કારોબારી સમિતિમાં હંમેશાં ઉદ્યોગોના પ્રશ્નો હોય કે અન્ય પ્રશ્નો હોય ત્યારે સૌએ સાથે મળીને નિર્ણયો કર્યા છે અને આપણે સૌ એક રહીએ તે જરૂરી છે. કોઇ પણ સભ્યને વાંધો હોય તો લોકશાહી રીતે રજુ કરી શકે છે પરંતુ બાકીના સભ્યોને પણ પોતાનો મત વ્યક્ત કરવાની તક મળે અને કાયદા પ્રમાણે પણ લોકશાહીની રીતે સંજોગો આધિન જે પણ નિર્ણય થાય તે કરવો જોઇએ તેવી મારી અપીલ છે.
- શ્રી પથિકભાઇ પટવારીએ હાલના સંજોગોમાં મતદાનની પ્રક્રિયા માત્ર ઇ-વોટિંગ દ્વારા જ કરવી જોઇએ અને રૂબરૂ વોટિંગનો ઓપ્શન ના હોવો જોઇએ જેથી સંક્રમણની શક્યતા જ ઉભી ના થાય તેમ જણાવ્યું હતું.
- મિટિંગના અંતમાં પ્રમુખશ્રીએ મિટિંગમાં ચર્ચા કર્યા બાદ સંમતિથી નક્કી કરવામાં આવેલ નીચે મુજબના ત્રણ મુદ્દાઓની રજૂઆત કરી હતી.

1. આ કાર્યવાહીની મિટિંગ શરુ થાય તે પહેલાં કારોબારી સમિતિના સભ્ય શ્રી ભાવેશ લાખાણી દ્વારા આજની કારોબારી સમિતિની મિટિંગ બંધારણ મુજબ ન હોવાનું જણાવી ટેકનીકલ વાંધો રજુ કર્યો હતો અને સાથે લીગલ ઓપીનીયન પણ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં કારોબારી સમિતિના જે સભ્યોની મુદ્દત પૂરી થાય છે તે સભ્યો મિટિંગમાં હાજર રહી શકે નહીં કારણ કે બંધારણમાં તેમની મુદ્દત બે વર્ષની છે અને તે મુદ્દત છેલ્લી AGM તા.૧૬-૬-૨૦૧૮ થી બે વર્ષ તા.૧૬-૬-૨૦૨૦ ના રોજ પૂરા થતા હોવાથી તેઓ આ મિટિંગમાં હાજર રહી શકે નહીં અને તેની રજૂઆતમાં તેમણે લીગલ અભિપ્રાયની નકલ આપી હતી. આ મુદ્દા ઉપર ચર્ચાને અંતે એવું નક્કી કરવામાં આવ્યું છે કે ચેમ્બર દ્વારા આ બાબતે લીગલ અભિપ્રાય લેવામાં આવશે જો બંને અભિપ્રાય સરખા હશે તો આજની કારોબારી સમિતિની તમામ કાર્યવાહી રદ ગણવામાં આવશે અને જો ચેમ્બરને અભિપ્રાય જુદો મળશે તો આ બંને અભિપ્રાયો એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને મોકલી નિર્ણય કરવાની વિનંતી કરવામાં આવશે અને તેમનો જે પણ નિર્ણય આવશે તે સૌ સભ્યોને માન્ય રહેશે.
2. હાલની COVID-19 ની પરિસ્થિતિના સંદર્ભમાં ચૂંટણી અધિકારી દ્વારા તા. ૩૦-૬-૨૦૨૦ ના રોજ પ્રમુખશ્રીને લખેલા પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે હાલની પરિસ્થિતિ ના હિસાબે તા. ૧૧-૭-૨૦૨૦ ના રોજ ચૂંટણી થઇ શકે તેમ નથી તેથી પ્રમુખશ્રીએ નિયમ ૫૨ (i) પ્રમાણે તાકીદે કારોબારીની મિટિંગ બોલાવી અને ચૂંટણીની તારીખ નક્કી કરવાની રહેશે જે તા. ૧૧-૭-૨૦૨૦ થી ૬૦ દિવસની અંદર હોવી જોઇશે. પ્રમુખશ્રીએ હાલની પરિસ્થિતિના સંદર્ભમાં જણાવ્યું હતું કે ઓગષ્ટ માસ તહેવારોનો માસ હોવાથી તેમજ હાલની COVID-19 ની પરિસ્થિતિમાં કોઇ સુધારો થાય તેમ લાગતું ન હોવાથી ૬૦ દિવસમાં મળતી છેલ્લી તારીખ અને શનિવાર જોતા તા.૫-૯-૨૦૨૦ ના રોજ ચૂંટણી તથા AGM યોજવા માટેની રજૂઆત કરી હતી જેને સભ્યશ્રીઓએ સર્વાનુમતે ટેકો આપ્યો હતો.

   ચૂંટણી અધિકારી દ્વારા ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજના સમય અને સંજોગોને ધ્યાનમાં રાખીને જો ચૂંટણી રદ કરવાની ભલામણ કરવામાં આવશે તો ચૂંટણી આપોઆપ રદ ગણાશે અને ત્યારબાદ ચેમ્બરના બંધારણ મુજબ એમ્પાવર્ડ એપેક્ષ કમિટિની સિલેકશન અને વહીવટ માટે યોગ્ય નિર્ણય કરવાની જવાબદારી રહેશે.

3. હાલના પ્રવર્તમાન COVID-19 ના સંજોગોને ધ્યાને લેતાં બહારગામમાંથી મતદારો આવી શકે નહીં તેવી રજૂઆત ચેમ્બરના સભ્યશ્રીઓએ કરી હતી અને ચર્ચા-વિચારણા ને અંતે બંધારણની મર્યાદામાં આવે તે રીતે જો ઇ-વોટીંગની અને રૂબરૂ હાજરીથી ચૂંટણી યોજી શકાતી હોય તો તે પ્રમાણેની વ્યવસ્થા કરવાનો મત નીચેના ૩ સભ્યો સિવાયના તમામ સભ્યોએ વ્યક્ત કર્યો હતો અને એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને ચેમ્બરની લાગણી પહોંચાડી તેનો નિર્ણય કરવા વિનંતી કરવાની રજૂઆત હતી.

૧. શ્રી ભાવેશ લાખાણી
૨. શ્રી અશોકભાઇ પટેલ
૩. શ્રી કૈલાસ ગઢવી

આ ત્રણ સભ્યો તરફથી એવો વાંધો લેવામાં આવ્યો હતો કે બંધારણ પ્રમાણે ઇ-વોટીંગની કોઇ જોગવાઇ ના હોવાથી ચૂંટણીની મતદાનની પ્રક્રિયા કરવામાં આવે તે માત્ર બંધારણની જોગવાઇઓ પ્રમાણે કરવી જોઇએ અને તે સિવાય કરવામાં આવશે તો તેની સામે અમારો વાંધો છે.

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે બંધારણ મુજબ ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી પરંતુ COVID-19 ના સંજોગોને લીધે ચૂંટણી થઇ શકી નથી અને હજુ ક્યારે થશે, કેટલું લંબાશે તે નક્કી કરવું મુશ્કેલ છે. આ સંજોગોમાં ઇનકમીંગ પ્રેસીડેન્ટ શ્રી નટુભાઇને કાર્યવાહી કરવાનો પુરતો સમય મળી રહે તે ધ્યાને લઇને બંધારણની કલમ-૩૧ મુજબ વર્તમાન પ્રમુખ ચાર મહિના સુધી રજા લઇ શકે છે જેની જાણ કારોબારી સમિતિની મિટિંગમાં કરવાની હોય છે. આ બાબતનો ઉલ્લેખ કરી પ્રમુખશ્રીએ સમિતિના સભ્યો સમક્ષ આ લાગણી વ્યક્ત કરી હતી.
- ઉપસ્થિત સર્વ સભ્યોએ આ બાબતે અસંમતિ દર્શાવી હતી.
- અંતમાં પ્રમુખશ્રીએ દરેક સભ્યોને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાનો અધિકાર હોવાનો જણાવી વ્યક્તિગત આક્ષેપો ન કરવા વિનંતી કરી હતી.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મિટિંગ પુરી થયેલી જાહેર કરી હતી.

**તન્મય મહેતા**
***સેક્રેટરી જનરલ***

**દુર્ગેશ બુચ**
***પ્રમુખ***

## એનેક્ષર-બી

મંજુર થયેલા નવા સભ્યોની યાદી

| | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1. | Sumiran Foods Pvt Ltd | Dharmendra Desai | Local-Pvt.Ltd. |
| 2. | Fedration of Industries Association-Rajkot | Arvind Gajera | Regional-Association |
| 3. | Oswal Infrastracture Ltd | Ratan Bokadia | Regional-Pvt.Ltd. |
| 4. | Avsm Consultancy Pvt Ltd | Alpesh Sutaria | Local-Pvt.Ltd. |
| 5. | Swastik Aluglaze Pvt Ltd | Purvin Patel | Local-Pvt.Ltd. |
| 6. | Keyur B Thakkar & Co | Keyur Thakkar | Local-Firm |
| 7. | The Social Co-Op Bank Ltd | Amit Parikh | Local-Pvt.Ltd. |
| 8. | Gujcot Trade Association | Akash Shah | Local-Association |
| 9. | VC Erp Consulting Pvt Ltd | Vijay Chhabra | Local-Pvt.Ltd. |
| 10. | Axita Exports Pvt Ltd | Kushal Patel | Local-Pvt.Ltd. |

પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Jyotindra International | Jyotindra Modh<br>Mansi Modh | Dhaval Modh<br>Mansi Modh |
| 2. | Shree Juna Madhavpura Vepari Mahajan | Dinesh Shah<br>Rajesh Patel | Hiten Shah<br>Rajesh Patel |
| 3. | Ahmedabad Vepari Mahajan | Harshad Giletwal<br>Nirmal Shah | Harshad Giletwal<br>Vinendra Tiwari |
| 4. | The Gujarat Institute of Civil Eng. & Archetects | K C Patel<br>Kamlesh Modi | K C Patel<br>Apoorva Thakershy |
| 5. | Ahmedabad Custom Brokers Association | Samir Shah<br>Parag Patel | Kartik Pancholi<br>Darshan Mashroo |
| 6. | Indian Drug Manufacturers's Association (Guj.State Board) | Shrenik Shah<br>Viranchi Shah | Milan Patel<br>Sunit Ahrawal |

પ્રતિનિધિના સરનામામાં ફેરફારની યાદી

| Sr. No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1. | Matz Pumps Pvt Ltd | 12/B, Bhavbna Society, Gita Mandir, Ahmedabad | Plot No-609, GIDC Phase-IV, Vatva, Ahmedabad |
| 2. | Yarn Tex India | 110, New Cloth Market, O/S. Raipur Gate,Ahmedabad | 63, Aditya Bunglows, Drive In Road, Thaltej, Ahmedabad |
| 3. | M/s.Manubhai Keshavlal Shah | 201, Kalash-1, B/H.Navrangpura Post Office, Navrangpura,Ahmedabad | 313, Sidhivanayak Tower, B/H. DCP Office, Makarba,Ahmedabad |